समुद्री उत्पाद निर्यात विकास प्राधिकरण
(वाणिज्य एवं उद्योग मंत्रालय, भारत सरकार)
एम पी ई डी ए भवन, पनंपिल्ली एवन्यू
डाक पेटी सं. 4272, कोच्ची-682036, भारत
The Marine Products Export Development Authority
(Ministry of Commerce & Industry, Govt. of India)
MPEDA House, Panampilly Avenue
P.B. No. 4272, Kochi-682 036, India

फोन Phone : 2311979, 2311901, 2311854, 2311803, 2313415, 2314468, 2315065
फैक्स Fax : 91-484-2313361
E-mail : ho@mpeda.gov.in
Website : www.mpeda.com

**Press Release**

## શાળાના બાળકો માટે મત્સ્યોદ્યોગ વિષે રાષ્ટ્રીય-સ્તરની ક્વિઝ સ્પર્ધા

*એમપીઈડીએ દ્વારા નવ રાજ્યોમાં 'મરીન ક્વેસ્ટ 2017'ની પ્રાદેશિક સ્પર્ધાઓ અને રાષ્ટ્રીય ફાઈનલ યોજાશે*

**સુરત, ઓગસ્ટ 10:** લોકોના જીવનમાં માછલી અને મત્સ્ય પેદાશોની મહત્ત્વતા વિશે બાળકોમાં જાગૃતિ ફેલાવવાના ઉદ્દેશ સાથે મરીન પ્રોડક્ટ્સ એક્સપોર્ટ ડેવલપમેન્ટ ઓથોરિટી (એમપીઈડીએ) દ્વારા ભારતભરના સમુદ્રતટીય રાજ્યોમાં શાળાના વિદ્યાર્થીઓ માટે રાષ્ટ્રીય સ્તરની ક્વિઝ સ્પર્ધા 'મરીન ક્વેસ્ટ 2017'નું આયોજન કરાઈ રહ્યું છે.

આ સ્પર્ધાના ગુજરાત રાઉન્ડ અહીં 12 ઓગસ્ટ, 2017ના રોજ યોજાવાના છે. આ ઉપરાંત કેરળ, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, તમિળનાડુ, આંધ્રપ્રદેશ, ઓડિશા અને પશ્ચિમ બંગાળમાં પણ પ્રાદેશિક રાઉન્ડ યોજાશે.

પ્રાદેશિક રાઉન્ડમાં વિજેતા થનારી ટીમ 24 ઓગસ્ટના રોજ કેરળના કોચી ખાતે યોજાનારી ગ્રાન્ડ ફિનાલેમાં સ્પર્ધા કરશે. આ સ્પર્ધા તમામ શિક્ષણ બોર્ડ- રાજ્ય / સીબીએસઈ / આઈસીએસઈના ધોરણ 8થી 10માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે ખુલ્લી છે

"અમે નવ સમુદ્રતટીય રાજ્યોમાં પ્રાદેશિક સ્તરની સ્પર્ધા યોજીશું. સ્પર્ધાની આ ચોથી આવૃત્તિ છે અને એમપીઈડીએ દ્વારા આપણા રાષ્ટ્રીય અર્થતંત્રમાં મરીન પ્રોડક્ટ્સની નિકાસના યોગદાન વિશે જાગૃત કરવા પર ધ્યાન અપાઈ રહ્યું છે," એમ એમપીઈડીએના ચેરમેન ડૉ. એ જયાતિલકે કહ્યું હતું.

મરીન ક્વેસ્ટ 2017ની ફાઈનલમાં વિજેતા ટીમને રૂ. 25,000નો રોકડ પુરસ્કાર મળશે. પ્રથમ અને દ્વિતિય રનર્સ અપ ટીમને અનુક્રમે રૂ. 15,000 અને રૂ. 5,000નું ઈનામ મળશે.

"ક્વિઝના આશરે 60% જેટલા પ્રશ્નો સીધેસીધા માછીમારી ક્ષેત્ર સાથે સંકળાયેલા હશે જ્યારે બાકીના મોટાભાગે સામાન્ય જ્ઞાનને લગતા હશે," એમ ચેરમેને ઉમેર્યું હતું.

समुद्री उत्पाद निर्यात विकास प्राधिकरण
(वाणिज्य एवं उद्योग मंत्रालय, भारत सरकार)
एम पी ई डी ए भवन, पनंपिल्ली एवन्यू
डाक पेटी सं. 4272, कोच्ची-682036, भारत

**The Marine Products Export Development Authority**

(Ministry of Commerce & Industry, Govt. of India)
MPEDA House, Panampilly Avenue
P.B. No. 4272, Kochi-682 036, India

फोन / Phone : 2311979, 2311901, 2311854, 2311803, 2313415, 2314468, 2315065

फैक्स / Fax : 91-484-2313361

E-mail : ho@mpeda.gov.in
Website : www.mpeda.com

એમપીઈડીએ દ્વારા સેમીફાઈનલ/ ફાઈનલ રાઉન્ડ માટે ક્વોલિફાય થનારી ટીમ અને સાથે એક સહપ્રવાસીને નિવાસ અને ભોજનની સુવિધા ઉપરાંત (૩-ટિયર એસી ટ્રેન ટિકિટ ભાડાં સુધી) પરિવહન ખર્ચની ચૂકવણી કરવામાં આવશે.

વધુ વિગતો માટે, સંપર્ક કરો, આર રથિનરાજ - 9947275871.